# માન. ધારાસભ્યશ્રી માવજીભાઈ દેસાઈ, ધાનેરા

માંગણી ક્રમાંક – ૮૬ માર્ગો અને પુલો માટે રજુ થયેલ પુરક માંગણીને હું સમર્થન આપું છું.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજ્યના ધોરી માર્ગોનું બાંધકામ અને જાળવણી કરવામાં આવે છે. વિભાગ દ્વારા લાંબા કોરીડોરની પ્રગતિપથ યોજના, બંદરોને જોડતા રસ્તા, ઔધોગિક વિસ્તારોને જોડતા રસ્તા, યાત્રાધામોને જોડતા રસ્તા, જિલ્લા મથકને બાજુના જિલ્લા મથક સાથે ૧૦ મી. પહોળા રસ્તાનું જોડાણ, અત્યંત પ્રચલિત થયેલ ગ્રામ્ય માર્ગોનું માળખુ ઉભુ કરવા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના વિગેરે યોજનાઓ થકી સમગ્ર ગુજરાતનો વિકાસ થઈ રહેલ છે. જે દેશમાં ગણનાપાત્ર છે.

પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના – ૧ અને ૨ હેઠળ મંજુર થયેલ તમામ કામો પૂર્ણ કરેલ છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના – ૧ અને ૨ને સફળતાને ધ્યાને લઈને ભારત સરકાર ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા ઓગસ્ટ – ૨૦૧૯માં પીએમજીએસવાય – ૩ની માર્ગદર્શિકા આખરી કરવામાં આવેલ છે. આ યોજનાનો મુખ્ય હેતુ ગ્રામ્ય રસ્તાઓને ૩.૭૫ મીટર થી ૫.૫ મીટર પહોળા અને સુદઢ કરવાનો છે. સદર પ્રોગ્રામ વર્ષ ૨૦૨૦-૨૧ થી લઈને વર્ષ ૨૦૨૪-૨૫ સુધી ચાલનાર છે. ભારત સરકાર દ્વારા ગુજરાત રાજ્યને પી.એમ.જી.એસ.વાય. – ૩ હેઠળ ૩૦૧૨ કિ.મી. લંબાઈનું એલોકેશન કરવામાં આવે છે. જે અન્વયે હાલની સ્થિતિ ૨૪૦૦ કિ.મી. લંબાઈના ૨૩૦ કામો પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ ૩૦૧૫ કિ.મી.ના ૩૦૪ રસ્તાઓ માટે રૂ.૧૭૫૦ કરોડના ખર્ચની મંજુરી મેળવી લેવામાં આવેલ છે.

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૪ – ૦૫થી કિસાનપથ યોજનાની જાહેરાત કરવામાં આવી. આ યોજનાનો મુખ્ય હેતુ રાજ્યના ગ્રામીણ વિસ્તારનો સર્વાંગી વિકાસ કરવા, ગ્રામીણ અર્થતંત્રને ગતિ આપવા ચીંધેલ નવી દિશા મુજબ, ગામોને જોડતા એપ્રોચ રોડ તથા ગ્રામીણ વિસ્તારના ખેતપેદાશ વહન, આરોગ્ય તેમજ શૈક્ષણિક/સામાજિક જરૂરીયાતને ધ્યાને રાખી રસ્તાઓનું માળખુ સુદ્ઢ કરવાનું છે. આજદિન સુધી કુલ રૂ.૧૯૮૬.૮૭ કરોડની રકમથી ૧૧૩૫૪.૧૨ કિ.મી. લંબાઈના ૨૫૨૬ રસ્તા મંજુર થયેલ છે. જેનાથી ૪૩૯૫ ગામો લાભાન્વીત થયેલ છે. તે હેઠળ વધુ ૫૮૬ રસ્તાઓની ૨૩૧૦ કિ.મી. લંબાઈને રીસરફેસિંગ કરવા માટે રૂ. ૮૦૮.00 કરોડની રકમના કામો મંજુર કરવામાં આવેલ છે.

મારા મત વિસ્તારની વાત કરું તો ,

ધાનેરા મતવિસ્તારમાં વર્ષ : ૨૦૨૩-૨૪ દરમ્યાન અન્ય કામો ઉપરાંત થાવર – અનાપુર – છોટા એમડીઆર રસ્તા પર આર.ઓ.બી.ની કામગીરી માટે રૂ. ૫૫.૧૨ કરોડ, તથા આલવાડા – ભાટરામ – ધનીયાવાડા રોડની ૧૦.૬૦ કિ.મી. લંબાઈના મજબુતીકરણ માટે રૂ. ૮.૨૭ કરોડ, અને દાંતીવાડા – કુચાવાડા રોડ માટે રૂ. ૩૦.૪૩ કરોડના કામોના મંજુરી મળેલ છે અને વર્ષ ૨૦૨૩ – ૨૪ હેઠળ મારા મત વિસ્તારના અંદાજીત નવ રસ્તાની ૨૫.૬૩ કિ.મી. લંબાઈ માટે ૧૯ કરોડની રકમ મંજુર કરેલ છે. આગથળા - ધુણસોલ - ધાનેરા રોડ ને સાત મીટર પહોળો કરવા 44 કરોડ રૂપિયા ફાળવેલ છે

આમ, વિભાગ દ્વારા રાજ્યના અતિ અગત્યના આંતરમાળખાકીય ઘટકને અસરકારક રીતે જાળવી રાખવા તેમજ સુધારણા કરવા સરકારશ્રી દ્વારા પુરતી નાણાકીય જોગવાઈ કરવામાં આવે છે. જે અત્યંત જરૂરી હોઈ વર્ષ ૨૦૨૩-૨૪ની વિભાગની પુરક નાણાકીય માંગણીને હું સમર્થન કરું છું.